**GUJARAT BILL NO. 4 OF 2019.**

# THE GUJARAT AGRICULTURAL LANDS CEILING (AMENDMENT) BILL, 2019.

## *A BILL*

*further to amend the Gujarat Agricultural Lands Ceiling Act, 1960.*

**સન ૨૦૧૯નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ ૪.**

## ગુજરાત ખેત-જમીન ટોચમર્યાદા (સુધારા) વિધેયક, ૨૦૧૯.

### ગુજરાત ખેત-જમીન ટોચમર્યાદા અધિનિયમ, ૧૯૬૦ વધુ સુધારવા બાબત વિધેયક.

આથી, ભારતના ગણરાજ્યના સિત્તેરમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છેઃ-

**ટૂંકી સંજ્ઞા**

૧. આ અધિનિયમ ગુજરાત ખેત-જમીન ટોચમર્યાદા (સુધારા) અધિનિયમ, ૨૦૧૯ કહેવાશે.

**સન ૧૯૬૧નો ગુજરાતનો ૨૭મો.**

**સન ૧૯૬૧ના ગુજરાતના ૨૭મા અધિનિયમની કલમ ૩નો સુધારો.**

૨. ગુજરાત ખેત-જમીન ટોચમર્યાદા અધિનિયમ, ૧૯૬૦ (જેનો આમાં હવે પછી, "મુખ્ય અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, કલમ ૩માં, પેટા-કલમ (૧)માં, વિદ્યમાન ખંડ (ઘઘઘ)ને, તે ખંડના પેટા-ખંડ (૧) તરીકે ફરી નંબર આપવો અને તેવી રીતે ફરી નંબર આપ્યા પ્રમાણેની પેટા-ખંડ (૧) પછી, નીચેનો પેટા-ખંડ દાખલ કરવોઃ-

"(૨) ઉપરના પેટા-ખંડ (૧)માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, રાજ્ય સરકાર, એવી ખાતરી થયા પછી, રાજપત્રમાં જાહેરનામાથી, તેમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવા સંજોગોમાં અને તેવી બોલીઓ અને શરતોએ, તેવી સંસ્થા માટે જુદા સાર્વજનિક ટ્રસ્ટના રજિસ્ટ્રેશન માટેની સદરહુ મુદત જતી કરી શકશે.".

## ઉદ્દેશો અને કારણો

ગુજરાત ખેત-જમીન ટોચમર્યાદા અધિનિયમ, ૧૯૬૦, અન્ય હેતુઓ પૈકી સાર્વજનિક હિત શ્રેષ્ઠ રીતે સાધી શકાય તે માટે ગુજરાત રાજયમાં અમુક મર્યાદાથી વધુ ખેતીની જમીન રાખવા પર નિયંત્રણ લગાવે છે.

સદરહુ અધિનિયમની કલમ ૩ની પેટા-કલમ (૧)ના વિદ્યમાન ખંડ (ઘઘઘ) એવી જોગવાઇ કરે છે કે પાંજરાપોળ અથવા ગૌશાળાના નિભાવ માટે ઉપયોગમાં લેવાતી જમીનો, જેને ગુજરાત સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ, ૧૯૫૦ હેઠળ સાર્વજનિક ટ્રસ્ટ તરીકે રજિસ્ટર થયેલી જાહેર ધાર્મિક સંસ્થાની મિલકત હોવાને કારણે અથવા અથવા નિર્દિષ્ટ તારીખથી એક વર્ષની મુદતની અંદર સદરહુ અધિનિયમ હેઠળ એવા સાર્વજનિક ટ્રસ્ટ તરીકે રજિસ્ટર કરેલ હોય તો  નિર્દિષ્ટ તારીખની તરત જ પહેલાં આ અધિનિયમની જોગવાઇઓમાંથી માફી આપવામાં આવી હતી. તેમ છતાં, પશુઓના કલ્યાણ માટે કામ કરતા હોવા છતાં, કેટલાક ટ્રસ્ટો જે નિયત સમયમાં રજિસ્ટર થયેલા ન હોય તેમને કલમ ૩ની પેટા-કલમ (૧)ના ખંડ (ઘઘઘ) હેઠળ માફી આપવામાં આવતી નથી. તેથી, આવા સંસ્થા માટે અલગ સાર્વજનિક ટ્રસ્ટની રજિસ્ટ્રેશન માટેની મુદત માફ કરવા માટે સદરહુ જોગવાઇ સુધારવા ધાર્યું છે.

આ વિધેયકથી, ઉપર્યુક્ત ઉદ્દેશ સિદ્ધ કરવા માટે સન ૧૯૬૧નો સદરહુ અધિનિયમ સુધારવા ધાર્યું છે.

**નીતિન પટેલ,**

## ધારાકીય સત્તા સોંપવાની યાદી

આ વિધેયકમાં, નીચેની બાબતોના સંબંધમાં ધારાકીય સતાની સોંપણીનો સમાવેશ થાય છે:-

**કલમ ૨.-** આ કલમથી દાખલ કરવા ધારેલ કલમ 3ની પેટા-કલમ (૧)ના ખંડ (ઘઘઘ)માં નવા પેટા-ખંડ (૨)થી, રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, તેમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવા સંજોગોમાં અને તેવી બોલીઓ અને શરતોએ, આવી સંસ્થાઓ માટે અલગ સાર્વજનિક ટ્રસ્ટના રજિસ્ટ્રેશન માટેની મુદત માફ કરવાની સત્તા મળે છે.

ઉપર્યુક્ત ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

તારીખ ૧૬મી ફેબ્રુઆરી, ૨૦૧૯. **નીતિન પટેલ.**

## પુરવણી

## ગુજરાત ખેત-જમીન ટોચમર્યાદા અધિનિયમ, ૧૯૬૦

## (સન ૧૯૬૧ના ગુજરાતના ૨૭મા)માંથી ઉતારા.

---

માફી આપેલી જમીન.

**૩.** (૧) પેટા-કલમો (૧-ક) થી (૧-ઘ) (બંને સહિત)ની જોગવાઇઓને અધીન રહીને નીચેની જમીનોને આ અધિનિયમની જોગવાઇઓમાંથી માફી આપવામાં આવશે-

(ક) થી (ઘઘ) xxx xxx xxx

(ઘઘઘ) પાંજરાપોળ અથવા ગૌશાળાના નિભાવ માટે ઉપયોગમાં લેવાતી જમીનો, જેને ગુજરાત સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ, ૧૯૫૦ હેઠળ સાર્વજનિક ટ્રસ્ટ તરીકે રજિસ્ટર થયેલી જાહેર ધાર્મિક સંસ્થાની મિલકત હોવાને કારણે, નિર્દિષ્ટ તારીખની તરત જ પહેલાં આ અધિનિયમની જોગવાઇઓમાંથી માફી આપી હોય તે જમીનો, સન ૧૯૫૦નો મુંબઇનો ૨૯મો.

પરંતુ આવી સંસ્થાએ પાંજરાપોળ અથવા ગૌશાળાના હેતુઓ માટે આવી જમીનોના સંબંધમાં એક જુદું ટ્રસ્ટ ઊભું કરેલું હોવું જોઇએ, હકૂમત ધરાવતા નાયબ અથવા મદદનીશ ચેરિટી કમિશનરને નિર્દિષ્ટ તારીખથી નેવું દિવસની મુદતની અંદર સદરહુ અધિનિયમ હેઠળ એવું ટ્રસ્ટ રજિસ્ટર કરવા માટે અરજી કરેલી હોવી જોઇએ અને નિર્દિષ્ટ તારીખથી એક વર્ષની મુદતની અંદર સદરહુ અધિનિયમ હેઠળ એવા જુદા ટ્રસ્ટને રજિસ્ટર કરાવવા પ્રયત્ન કરેલો હોવો જોઇએ;

(ચ) થી (ઠ) xxx xxx xxx

(૧ક) થી (૬) xxx xxx xxx

ગુજરાત વિધાનસભા સચિવાલય

[સન ૨૦૧૯નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૪ .]

ગુજરાત ખેત-જમીન ટોચમર્યાદા અધિનિયમ, ૧૯૬૦ વધુ સુધારવા બાબત વિધેયક.

[શ્રી નીતિન પટેલ,

નાયબ મુખ્યમંત્રીશ્રી]

(સન ૨૦૧૯ના ફેબ્રુઆરી મહિનાની ૧૬મી તારીખે ગુજરાત સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ કર્યા મુજબ)

ડી. એમ. પટેલ,

સચિવ,

ગુજરાત વિધાનસભા.

**THE GUJARAT AGRICULTURAL LANDS CEILING (AMENDMENT) BILL, 2019.**

**GUJARAT BILL NO. 4 OF 2019.**

***A BILL***

*further to amend the Gujarat Agricultural Lands Ceiling Act, 1960.*

It is hereby enacted in the Seventieth Year of the Republic of India as follows:-

**1.** This Act may be called the Gujarat Agricultural Lands Ceiling (Amendment) Act, 2019. **Short title.**

**Amendment of section 3 of Guj. XXVII of 1961.**

**2.** In the Gujarat Agricultural Lands Ceiling Act, 1960 (hereinafter referred to as "the principal Act"), in section 3, in sub-section (1), the existing clause (*ddd*) shall be renumbered as sub-clause (i) of that clause and after sub-clause (i) as so renumbered, the following sub-clause shall be inserted, namely:- **Guj. XXVII of 1961.**

"(ii) Notwithstanding anything contained in sub-clause (i) above, the State Government may, after being satisfied, by notification in the *Official Gazette*, waive the said period for registration of separate public trust for such institution in such circumstances and on such terms and conditions as may be specified therein.".

## STATEMENT OF OBJECTS AND REASONS

The Gujarat Agricultural Lands Ceiling Act, 1960, among other things, in the interest of the public at large, imposes a restriction upon holding agricultural land in excess of certain limits in the State of Gujarat.

Existing clause (*ddd*) of sub-section (1) of section 3 of the said Act provides that lands being utilized for maintenance of *Panjrapole* or *Gaushala*, which were exempted from the provision of this Act immediately before the specified date by reason of their being the property of an institution for public religious worship or registered within a period of one year from the specified date as a public trust under the Gujarat Public Trusts Act, 1950. However, despite working for the welfare of the animals, some of the trusts which were not registered within the stipulated time, the lands of which cannot be exempted under clause (*ddd*) of sub-section (1) of section 3 of the said Act. It is therefore, proposed to amend the said provision so as to waive the period for registration of separate public trust for such institution .

This Bill seeks to amend the said Act of 1961 to achieve the aforesaid object.

**NITIN PATEL,**

## MEMORANDUM REGARDING DELEGATED LEGISLATION

This Bill provides for delegation of legislative power in the following respects:--

***Clause 2.*****—** New sub- clause (ii) in clause (*ddd*) of sub-section (1) of section 3 proposed to be inserted by this clause empowers the State Government to waive, by notification in the *Official Gazette*, the period for

registration of separate public trust for such institution in such circumstances and on such terms and conditions as may be specified therein.

The delegation of legislative power, as aforesaid, is necessary and is of a normal character.

Dated the 16th February, 2019. **NITIN PATEL.**

## *ANNEXURE*

## EXTRACT FROM THE GUJARAT AGRICULTURAL LANDS CEILING ACT, 1960.

**(Guj. XXVII of 1961)**

**3.** (1) Subject to the provisions of sub- sections (*1A*) to (*1D*) (both inclusive), the following lands shall be exempted from the provisions of this Act, that is to say- **Exempted lands.**

(a) to (dd) XXX XXX XXX

(ddd) lands being lands utilised for maintenance of *Panjrapole* or *gaushala* which were exempt from the provisions of this Act immediately before the specified date by reason of their being the property of an institution for public religions worship registered as a public trust under the Gujarat Public Trusts Act, 1950, provided such institution creates a separate trust in respect of such lands for the purposes of *Panjrapole* or *Gaushala* applied within a period of ninety days from the specified date, for the registration of such trust under the said Act, to the Deputy or Assistant Charity Commissioner having jurisdiction and endeavour to get such separate trust registered under the said Act within a period of one year from the specified date;

**Bom. XXIX of 1950.**

(e) to (j) XXX XXX XXX

(1A) to (6) XXX XXX XXX

**GUJARAT LEGISLATURE SECRETARIAT**

**GUJARAT BILL NO. 4 OF 2019.**

***A BILL***

*further to amend the Gujarat Agricultural Lands Ceiling Act, 1960.*

**[SHRI NITIN PATEL,**

**DEPUTY CHIEF MINISTER]**

(As published in the Gujarat Government Gazette of the 16th February, 2019)

**D.M.PATEL,**
Secretary,
Gujarat Legislative Assembly.